જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૨/૨૦૧૪ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૩૦૬૭ /૧૪**

## ઘરફોડ તથા મોબાઇલ ચોરી ગેંગનો છ ગુનામાં નાસતા ફરતા ઇસમને ઝબ્બે કરતી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર

મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા સારુ સુચના કરેલ. જે અનુસંધાને અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી એ.કે.વડીયા નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા જુહાપુરા ફતેવાડી રીલાયન્સ પેટ્રોલ પંપ પાસે રોડ ઉપર આવતા સાથેના હેડ કોન્સ. જહાંગીરખાંન ઇસ્માઇલખાન તથા હેડ કોન્સ. જગદીશકુમાર ભાઇલાલભાઇ નાઓએ સંયુક્ત બાતમી હકીકત આપેલ કે, " અસલાલી પો.સ્ટે. નો ઘરફોડ ચોરીનો નાસતો ફરતો આરોપી નામે જહાંગીર ઉર્ફે બળદ ઇમામભાઇ શમા રહે, ફતેવાડી, જુહાપુરા, અમદાવાદ નાનો સરખેજ તરફથી ચાલતો અત્રે પોતાની રેતીકામની મજુરીવાળી જગ્યા રીલાયન્સ પેટ્રોલ પંપ પાસે મજુરી કામે આવનાર છે. અને જેણે શરીરે બ્રાઉન કલર જેવું સ્વેટર તથા ક્રીમ કલર જેવું જુનુ પેન્ટ પહેરેલ છે." જે હકીકત આધારે જહાંગીર ઉર્ફે બળદ ઇમામભાઇ સમ ઉવ.૩૬ રહે, મ.નં.૨૫, અલસિદ્દીક નગર, નસીબભાઇના તબેલા આગળ, કેનાલ પાસે, ફતેવાડી, જુહાપુરા, અમદાવાદ વાળાને જુહાપુરા રીલાયન્સ પેટ્રોલ પંપ પાસેથી પકડી પાડેલ છે. મજકુર આરોપીને યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતાં ચારેક માસ અગાઉ પોતે પોતાના મિત્રો અજીતભાઇ સમા તથા રમજાનભાઇ જાવલીયા તથા નાસીર તથા ઇરફાન સમા તથા જાવેદ ઉર્ફે બાપ બેટા ની સાથે મળી ફતેવાડી ગ્યાસપુર ભાઠામાં એક બંધ મકાનમાંથી ગેસ સિલીન્ડર અને એક મોબાઇલ ની ચોરી કરેલાનું જણાવેલ. તેમજ આ સિવાય સેટેલાઇટ, વસ્ત્રાપુર, આનંદનગર, એલીસબ્રીજ વિસ્તારમાં આશરે છ ગુનામાં પણ મોબાઇલ ફોન સાથે લઇ વાત કરતા કરતા ચાલતા જતા ઇસમોના હાથમાંથી પલ્સર ઉપરથી મોબાઇલ છીનવી ને ગુના કરેલાનું જણાવેલ. જેથી સદરીને આજરોજ તા.૧૮/૧૨/૧૪ ના કલાક ૧૪/૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ અટક કરવામાં આવેલ છે. અને આગળની તપાસ અસલાલી પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવામાં આવેલ છે.

**<u>ચોરીના ચાર મોબાઇલ તથા સોનાની બે કાનની બુટ્ટીઓ તથા સોનાનું એક પેન્ડલ તથા ચાંદીની એક મુર્તિ ના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરી ચોરીના ગુના ડીટેક્ટ કરતી અમદાવાદ શહેર એસઓજી ક્રાઇમબ્રાન્ચ</u>**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી, એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એચ.સરવૈયા તથા પો.ઇ.શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પો.સ.ઇ. શ્રી સી.બી.ગામીત નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન ફરતા ફરતા નારોલ સર્કલ ચંડોળા તળાવ તરફ જતા રોડ પાસે આવતા સાથેના હેડ કોન્સ. જયેન્દ્રસિંહ વિક્રમસિંહ તથા પો.કો.દશરથસિંહ માનસિંહ બ.નં.૮૦૮૬ નાઓએ સંયુક્ત બાતમી હકીક્ત આપેલ કે, "અગાઉ ઘણા બધા ગુનામાં પકડાયેલ એક રીઢો ઘરફોડ ચોર ઇસમ નામે પ્રવિણસિંહ ઉર્ફે પપ્પું રહે, ચંડોળા તળાવના છાપરા કે જેણે શરીરે સીલેટીયા લીલા તથા સફેદ કલરની ટી-શર્ટ તથા વાદળી કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે તે પોતાની પાસે ચોરી કરેલ મોબાઇલ તથા સોનાની ચીજવસ્તુઓ રાખી ચંડોળા તરફથી આવી નારોલ સર્કલ થઇ ઇસનપુર તરફ મોબાઇલ તથા સોનાની ચીજવસ્તુઓ વેચવા જનાર છે" જે હકીકત આધારે પ્રવિણસિંહ ઉર્ફે પપ્પું રામદેવસિંહ જાતે રાજપુત ઉવ.૩૦ ધંધો:છુટક મજુરી રહે, નીલગીરીના છાપરા, ખોડિયાર માતાના મંદિર પાસે, ચંડોળા તળાવ, ઇસનપુર, અમદાવાદ શહેર નાને નારોલ સર્કલ ખાતે હનુમાનજીના મંદિર ની બાજુમાં ઇસનપુર જતા રોડ ઉપર જાહેરમાંથી પકડેલ છે. જેની અંગઝડતી તપાસ કરતાં તેની (૧) સોના જેવી પીળી ધાતુનું એક પેડલ તથા બે કાનની બુટીઓ (૨) એક ચાંદી જેવી ધાતુની ગણપતિજીની મુર્તિ (૩) એક સફેદ કલરનો એપલ કંપનીનો આઇફોન (૪) એક કાળા તથા લીલા જેવા કલરનો એપલ કંપનીનો આઇફોન (૫) એક સેમસંગ કંપનીનો સફેદ કલરનો મોબાઇલ ફોન (૬) એક કાળા કલરનો બ્લેકબેરી કંપનીનો મોબાઇલ ફોન મળી આવેલ જેની કુલ્લે કિ.રૂ.૬૩,૫૦૦/-ની ગણી શકાય. જે બાબતે ખાત્રી તપાસ કરતાં ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૦૮/૧૪ ધી ઇપીકો કલમ ૩૮૦ મુજન તથા વટવા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૩૬૭/૧૪ ધી ઇપીકો કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ હોવાની હકીકત જાણવા મળેલ. તેમજ વિશેષ પુછપરછ દરમ્યાન આરોપીએ તથા તેના મિત્ર રાજેશ ઉર્ફે પીન્ટુ મહેન્દ્રભાઇ ઠાકોર રહે, શાહવાડી, નારોલ, અમદાવાદ શહેર નાએ આજથી આશરે દસેક દિવસ અગાઉ રાત્રીના બે થી અઢી વાગ્યાના સુમારે જયકૃષ્ણ સોસાયટી વેદાંગ સ્કુલની સામે ઇસનપુર અમદાવાદ ખાતેથી રૂ.૯૦,૦૦૦/- રોકડા તથા સેમસંગ કંપનીનો મોબાઇલ તથા બીજા રૂ.૫૦૦૦/- તથા બીજી ચીજવસ્તુઓની ચોરી કરેલ

હોવાનું જણાવેલ છે. જે બાબતે ઇસનપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૧૪/૧૪ ધી ઇપીકો કલમ ૩૮૦ મુજબનો ગુનો નોંધાયેલ હોવાની હકીકત જણાયેલ છે.જેથી સદરહું મળી આવેલ મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ પંચનામાં વિગતે કબજે કરવામાં આવેલ છે અને સદરહું આરોપીને આજરોજ તા.૧૮/૧૨/૧૪ ના કલાક ૧૭/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ અટક કરવામાં આવેલ. અને વધુ તપાસ અર્થે આરોપી તથા કાગળો ઇસનપુર પોલીસ સ્ટેશન મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

**<u>મુંબઈ ખાતેથી ચોરી કરેલ સ્કોર્પિયો કારમાં ઈગ્લીશદારુની હેરાફેરી કરતો જામનગરના જોડીયા પોલીસ સ્ટેશનના વિદેશી દારુના કેશમાં સંડોવાયેલ ઈસમ શકપડતી ઈનોવા કાર સાથે ઝડપાયો.</u>**

અમદાવાદ શહેરમાં વાહ્ન ચોરી તથા પરપ્રાંતિય દારુની હેરાફેરીના કેશો શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અન્વયે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧૮/૧૨/૨૦૧૪ ના રોજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓ તેઓની ટીમના પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી તથા સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન નારોલ સર્કલ ખાતેથી ધર્મારામ ઉર્ફે ધમો સ/ઓ કેશારામ ગોડ ઉ.વ. ૩૮ રહે. ગામ રોલી તા.ગુડામાલાની જી.બાડમેર રાજસ્થાન નાને તેના કબ્જાની ઈનોવા કાર નં- જી.જે.૧.એચ.ક્યુ. ૭૭૯૭ ની કિ.રૂ ૬,૦૦,૦૦૦/-ની સાથે પકડી લઈ  સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ.

સદર આરોપીની પુછપરછ દરમ્યાન સદર ઈનોવા કાર પોતે ડીસા ખાતેથી એક માણસ પાસેથી ખરીદ કરેલ હોવાનુ જણાવેલ છે પરંતુ તે ઈસમનુ નામઠામ પોતે જાણતો નહી હોવાનુ અને આ કારના કોઈ કાગળો પોતાના કબ્જામાં નહી હોવાની જણાવતો હોય જે કાર કોઈ જગ્યાએથી ચોરાયેલ છે કે કેમ ? તે બાબતે આગળની તપાસ તજવીજ પો.ઈ.શ્રી ગેડમ તથા પોસઈશ્રી ગોસ્વામી નાઓ કરી રહેલ છે.

સદર આરોપીની વધુ પુછપરછ પોતે અગાઉ વર્ષ ૨૦૧૨ માં એક કાળા રંગની સ્કોર્પીયો કાર નં.જી.જે.૧.કે.એલ.૨૮૨૯ માં ઈંગ્લીશ દારૂ તથા બીયરનો મોટો જથ્થો રાજસ્થાન ખાતેથી ભરી જે કાર લઈ પોતાના ડ્રાઈવર સાથે જામનગર જતો હતો ત્યારે મોરબી આમરણ થઈ આગળ જતાં હજામ ચોરા ગામના પાટીયા પાસે પોલીસના માણસો ઉભેલ હોય અને રોડ ઉપર પોલીસે આડશ કરી રાખેલ હોય  જેથી આ

વખતે ત્યાંથી ગાડી ધુમાવી લઈ ત્યાંથી સીંગલપટ્ટીમાં એક રોડ ઉપર જતા જ્યા આગળ જતાં રસ્તો બંધ હોય ગાડી આગળ જઈ શકે તેમ ના હોય જેથી ત્યા બાવળની ઝાડી પાસે એક જગ્યાએ ગાડી રોકી ત્યાંથી નાશી ગયેલ હોવાની હકીકત આરોપી જણાવતો હોય જે આધારે તપાસ કરતા આ બાબતે **<u>જોડીયા પોલીસ સ્ટેશન જામનગર ખાતે પ્રોહી.ગુરનં-૪/૨૦૧૨ પ્રોહી.એકટ કલમ ૬૬(બી)૬૫ એ.ઈ મુજબનો પ્રોહી.ધારા હેઠળનો ગુન્હો</u>** દાખલ થયેલ હોય જે અનડીટેકટ ગુન્હાનો ભેદ શોધાયેલ છે..

ઉપરોકત જોડીયા પોલીસ સ્ટેશન ખાતે દારુ-બિયરના જથ્થા સાથે પકડાયેલ સ્કોર્પીયો કાર મુંબઈના કાંદીવલી પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરી કરી મેળવેલ હોવાની કબુલાત આરોપીએ કરેલ છે જે હકીકત આધારે તપાસ કરતા **<u>આ સ્કોર્પિયો ચોરી બાબતે મુંબઈના કાંદિવલી પોલીસ સ્ટેશન ખાતે ફર્સ્ટ ગુરનં-૩૪/૨૦૧૨ ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુન્હો</u>** દાખલ થયેલ હોય જે વાહન ચોરીનો અનડીટેકટ ગુન્હો શોધાયેલ છે.

જે હકીકતો આધારે જામનગરના જોડીયા પોલીસ સ્ટેશન તથા મુંબઈના કાંદિવલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી આરોપીને બંન્ને પોલીસ સ્ટેશનના ગુન્હાઓના કામે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.